જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૨/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૫૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૫	૦	૧૨૫	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૫૨૯૦	૧૦૫	૭૫૩૯૫	૭૬૪૦૪	૧૦૪	૭૬૫૦૮
કુલ		૯૧૮૮૬	૧૦૫	૯૧૯૯૧	૧૦૦૯૩૧	૧૦૪	૧૦૧૦૩૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૨	૩,૦૫,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૩૩	૩,૩૩,૦૦૦/-

લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

એલીસબ્રીજ પોલીસ સ્ટેશન

એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૪૨૧૦૯૧૯/૨૦૨૧ ઈપીકો કલમ ૩૯૨ , ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ લુંટનો અન-ડિટેક્ટ ગુનાના કામે ચોક્કસ હકીકત આધારે લુંટના ત્રણેય આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડી લુંટનો ગુનો ડિટેક્ટ કરતી એલીસબ્રીજ પોલીસ

મે. પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ ડિવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ અટકાવવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમાં અવાર નવાર રોલકોલ માં પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.જે.રાજપુત સાહેબ એલીસબ્રીજ પોલીસ સ્ટેશનનાઓએ ઉપરોક્ત હકીકતથી વાકેફ કરેલ હોય જેઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ એલીસબ્રીજ પો.સ્ટે. એસ.ડી.પટેલ પોલીસ સબ ઈન્સ્પેક્ટર તથા સ્ટાફના પો.કો અજયસિંહ કરણસિંહ બ નં ૧૦૦૯૯ તથા પો.કો જયવિરસિંહ વનરાજસિંહ બ નં ૫૭૨૮ તથા પો.કો બાદલભાઇ પચાણભાઇ બ નં ૫૪૭૮ તથા પો.કો રણજીતસિંહ જીલુભાઇ બ નં ૮૭૪૪ તથા વુ.પો.કો મીનાબા જીલુભા વિગેરે સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હાજર હતા દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો અજયસિંહ કરણસિંહ બ નં ૧૦૦૯૯ તથા પો.કો જયવિરસિંહ વનરાજસિંહ બ નં ૫૭૨૮નાઓએ સંયુક્ત બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) ભાવેશભાઇ તિકમાજી સરગરા ઉવ.૧૯ રહે .મ નં એ/૫ ગોકુળ શેરી સોમેશ્વરનગર કેન્શર હોસ્પિટલ પાસે વાસણા અમદાવાદ શહેર તથા (૨) લલકારભાઇ અશ્વિનભાઇ મારવાડી ઉવ .૧૯ રહે .મ નં બી-૪૦ શ્રીનગર શેરી સોમેશ્વરનગર કેન્શર હોસ્પિટલ પાસે વાસણા અમદાવાદ શહેર તથા (૩) અભિમન્યુ રોશનભાઇ રાઠોડ ઉવ .૧૮ રહે .મ નં ૬૧૦ ગોકુળ શેરી સોમેશ્વરનગર કેન્શર હોસ્પિટલ પાસે વાસણા અમદાવાદ શહેરનાઓને પકડી તેઓના કબ્જામાંથી રોકડા રૂપીયા ૧૦,૦૦૦ ,-/સુઝુકી કંપનીનુ એક્સેસ મો.સા કિ.રૂ .૨૫,૦૦૦ ,-/પ્લાસ્ટીકના હાથાવાળી જાંબલી કલરની છરી ૦૧ કિ.રૂ .૦૦/૦૦ ,ATM ૦૧ , મોબાઇલ ૦૧ કિ.રૂ .૮,૦૦૦ -/મળી કુલ્લે ૪૩,૦૦૦ -/ના મત્તાનો મુદ્દામાલ કબ્જે કરી પ્રિતમનગર ઢાળ પાસે આવેલ સિધ્ધીગીરી ફલેટ ખાતે થયેલ લુંટના બનાવ સબંધે પુછપરછ કરતાં ગુનાની કબુલાત કરતાં ત્રણેય આરોપીઓને એલીસબ્રીજ પો.સ્ટે. પાર્ટ એ ૧૧૧૯૧૦૧૪૨૧૦૯૧૯/૨૦૨૧ ધી ઇ.પી.કો કલમ ૩૯૨, ૫૦૬(૨) ,૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનો તા. ૨૪/૧૨/૨૦૨૧ ના કલાક ૦૦/૩૦ વાગે દાખલ કરેલ હોય જે ગુનાના આરોપીઓને તા. ૨૪/૧૨/૨૦૨૧ના કલાક ૧૮/૩૫ વાગે અટક કરી મુદ્દામાલ રિકવર કરી ગણીતરીના કલાકોમાં અન-ડિટેક્ટ ગુનાને ડિટેક્ટ કરી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે. તા.૨૪/૧૨/૨૦૨૧.



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૫૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦૭ કેસ કરી, ૧૦૩ વ્યક્તિઓને ઝડપી, ૭૯૧ લીટર દેશી દારૂ, ૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા, ૧ કાર અને ૧ મોટર સાયકલ કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી ૬૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૫૨,૮૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૫૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૩૫૬/૨૦૨૧**

નિકોલઃ શૈલેષભાઇ કેશવલાલ પ્રજાપતિ (ઉ.વ.૪૨) (રહે. દક્ષ રેસીડેન્સી નિકોલ) એ તા.૨૬/૧૨/૨૦૨૧ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૯/૨૦૨૧ ના રોજ પોતાના ઘરે આવેલ પુરૂષોએ એસ.બી.આઇ.ક્રેડીટ કાર્ડ તરફથી આવેલા હોવાની ઓળખ આપી શૈલેષભાઈને જણાવેલ કે તમારા ક્રેડીટ કાર્ડનુ બિલ બાકી છે કેમ ભરપાઇ કરતા નથી ? તેમ કહેતા શૈલેશભાઈ પ્રજાપતિએ ક્રેડીટ કાર્ડનુ સ્ટેટમેંટ કઢાવી જોતા અજાણી વ્યક્તિએ શૈલેષભાઈ પ્રજાપતિના ક્રેડીટ કાર્ડમાંથી તા.૦૨/૦૫/૨૦૨૧ ના રોજ રૂપિયા ૯૩,૭૪૦/- મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૨૩૫૭/૨૦૨૧**

રામોલઃ ભુપેન્દ્ર રામનરેશ ચૌહાણ (ઉ.વ.૩૯) (રહે. કર્મભુમિ સોસાયટી ગ્રીનપાર્ક પાસે ન્યુ આર.ટી.ઓ રોડ વસ્ત્રાલ) તા.૨૫/૧૨/૨૦૨૧ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે અર્પણ સ્કુલ રોડ તેજેન્દ્રપાર્ક સોસાયટી આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા કલરની પ્લસર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભુપેન્દ્ર ચૌહાણના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૧૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભુપેન્દ્ર ચૌહાણે રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

ત્રીજા માળથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૩૫૮/૨૦૨૧**

નરોડાઃ નરોડા સ્મશાનની બાજુમાં નવી બનતી દેવ આશીષ સ્કાય નામની સાઇટ પર રહેતા અને ત્યા જ કામ કરતા મુકેશ રકમા સરપોટા (ઉ.વ.૨૫) (મુળ વતન. ગામ-લખેરીયા પાડા તા-ઘાટોલ જી.બાંસવાડા રાજસ્થાન) તા.૨૫/૧૨/૨૦૨૧ રાતના ૧૧/૪૫ થી તા.૨૬/૧૨/૨૦૨૧ સવારના ૧૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સાઇટ ઉપર ત્રીજા માળની ગેલેરીમાંથી માઇનસ બેજમેન્ટ પાર્કીંગમાં પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

ભુલથી ઝેરી દવા પી લેતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૩૫૯/૨૦૨૧**

દાણીલીમડાઃ મોહંમદમોહસીન સ/ઓ સજ્જાતઅલી શેખ (ઉ.વ.૨૦) (રહે. રોયલ સોસાયટી નવરંગ સ્કુલ પાસે બેરલ માર્કેટ દાણીલીમડા) એ તા.૨૫/૧૨/૨૦૨૧ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગ્લુકોઝનો પાવડર સમજી ભુલથી ઝેરી દવાનો પાવડર પી જતા સારવાર માટે તેમને એલ.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૧૨/૨૦૨૧ સવારના ૭/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૩૬૦/૨૦૨૧**

રિવરફ્રંટ ઈસ્ટઃ રાકેશભાઇ ગીરીશભાઇ પારેખ (ઉ.વ.૪૫) (રહે. પારસનગર વિભાગ-૧ સોલા ક્રોસ રોડ નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૨/૨૦૨૧ સાંજના ૭/૪૫ વાગ્યા પહેલા રિવરફ્રંટ ગાર્ડન ગેટ નંબર-૩ પાછળ રિવરફ્રંટ વોક-વે ઘાટ નંબર-૫ નજીક નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેશદાન પ્રવિણદાન ચલાવે છે.

નિકોલઃ રજનીકાંત સ/ઓ દેવાભાઇ મહેરીયા (ઉ.વ.૩૦) (રહે. સ્વામિ વિવેકાનંદનગર ચાર માળીયા મંગલપાંડે હોલ સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૨/૨૦૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી ગીતાબા અનિરુધ્ધસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.